# બ્રેમ્પટનવાસીઓ, બ્રેમ્પટનના ધંધાઓ અને સામુદાયિક સમૂહોને વર્ષ 2022 માટે દરખાસ્ત હેઠળના અંદાજપત્ર (પ્રપોઝ્ડ બજેટ) પર પોતાનું મંતવ્ય જણાવવા આમંત્રિત કરવામાં આવે છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (નવેમ્બર 1, 2021) – સીટી ઓફ બ્રેમ્પટન સીટીના વર્ષ 2022 માટે દરખાસ્ત હેઠળના અંદાજપત્ર પર પોતાનો પ્રતિભાવ અને મંતવ્ય વ્યક્ત કરવા બ્રેમ્પટનવાસીઓ, બ્રેમ્પટનના ધંધાઓ, ધંધાકીય સાહસિકો અને સામુદાયિક સમૂહોને આમંત્રિત કરે છે, અંદાજપત્ર આગામી અઠવાડિયે સીટીની વેબસાઇટ પર ઉપલબ્ધ થશે.

મંગળવાર, નવેમ્બર 16 નાં રોજ, મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), પ્રમુખ, બજેટ કમિટી, અને રીજીયનલ કાઉન્સિલર પૉલ વિસેંટે (Paul Vicente), ઉપ-પ્રમુખ, બજેટ કમિટી નીચે મુજબનું આયોજન કરશે:

- સવારે 9:30 વાગ્યે ધંધાઓ અને ધંધાકીય સાહસિકો માટે વર્ચ્યુઅલ મીટિંગ
- સાંજે 6:45 વાગ્યે જાહેર જનતાના સભ્યો અને સામુદાયિક સમૂહોના પ્રતિનિધિઓ માટે ટેલી ટાઉન હૉલમાં

બંને સત્રો માટે નોંધણી અત્યારે વેબસાઇટ www.brampton.ca/budget પર ચાલુ છે. સીટીના કર્મચારીઓ પણ બંને પ્રવૃત્તિઓમાં હાજર રહેશે, અને સહભાગીઓ પ્રશ્નો પૂછી શકશે, અગ્રતાઓ પર ભાર મૂકી શકશે અને સીટીના 2022 નાં અંદાજપત્રની ચર્ચાઓને ઓપ આપવામાં મદદરૂપ થશે.

અંદાજપત્રની ચર્ચાઓ સોમવાર, નવેમ્બર 29, 2021 નાં રોજ શરૂ થશે, અને બુધવાર, ડિસેમ્બર 8, 2021 નાં રોજ અંદાજપત્રને મંજૂરી આપવામાં આવશે. સીટીના અંદાજપત્ર પર વધુ માહિતી વેબસાઇટ www.brampton.ca/budget પર ઉપલબ્ધ છે.

-30-

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca